**પૂર્વ ઉચ્ચ પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા (ધોરણ પાંચમું), ફેબ્રુઆરી 2017**

બેઠક ક્ર. | | | | | | | | | | |

**0401**

**Set C**

પ્રશ્નપત્રિકા ક્ર. I

**માધ્યમ : ગુજરાતી**

સમય : 11.00 થી 12.30

પાનું : 32

**પ્રથમ ભાષા અને ગણિત**

કુલ ગુણ : 150

**પ્રશ્નોના ઉત્તરો લખતાં પહેલાં કૃપા કરીને આપેલી સૂચના ધ્યાનથી વાંચો.**

(1) આ પ્રશ્નપત્રિકામાં **બે** વિભાગ છે. તે પૈકી વિભાગ **I** માં પ્રથમ ભાષા વિષય માટે **25** પ્રશ્ન છે. વિભાગ **II** માં ગણિત વિષયના **50** પ્રશ્ન છે.આમ પ્રશ્નપત્રિકામાં કુલ **75** પ્રશ્નો છે. સર્વ પ્રશ્ન ઉકેલવા જરૂરી છે.

(2) પ્રત્યેક પ્રશ્ન માટે **2** ગુણ છે.

(3) પ્રશ્નપત્રિકા ઉકેલવા માટે કુલ **90** મિનીટનો સમય આપવામાં આવશે.

(4) ઉત્તર નોંધવા માટે સ્વતંત્ર ઉત્તરપત્રિકા આપવામાં આવશે. દરેક પ્રશ્નક્રમાંક સામે ચાર પર્યાય માટે ક્રમાનુસાર વર્તુળો આપેલા છે. તેમાંના પ્રત્યેક અચૂક ઉત્તરના પર્યાય ક્રમાંકવાળું વર્તુળ આપેલા ઉદાહરણ મુજબ પૂર્ણપણે રંગવાનું છે.
દા.ત. પ્રશ્ન ક્ર. **6** નો સાચો ઉત્તર પર્યાય ક્રમાંક **2** હોય તો નીચે પ્રમાણે તેની નોંધ કરવી.

પ્રશ્ન ક્ર. **6** (1) ● (3) (4)

(5) નીચે પ્રમાણે નોંધેલા ઉત્તરો ગ્રાહ્ય ધરવામાં આવશે નહીં. આ રીતે ઉત્તરો નોંધશો તો 'શૂન્ય' ગુણ આપવામાં આવશે.

(1) (2) (●) (4)

(6) ઉત્તરો નોંધતી વખતે કાળી અથવા બ્લુ શાહીની બોલપેનનો જ ઉપયોગ કરવો. પેન્સિલથી નોંધેલા ઉત્તરો ગ્રાહ્ય ધરવામાં આવશે નહીં.

(7) એક વખત નોંધેલા ઉત્તરો બદલી શકાશે નહીં.

(8) દરેક પ્રશ્ન માટે એક કરતાં વધુ વર્તુળોમાં નોંધેલા ઉત્તરો તેમજ છેકછાક કરીને નોંધેલા ઉત્તરો ગ્રાહ્ય ધરવામાં આવશે નહીં.

(9) પ્રશ્નપત્રિકાના દરેક પાના પર નીચે અને છેલ્લા પાના પર કાચું કામ કરવા માટે જગ્યા રાખેલી છે. ત્યાં જ કાચું કામ કરવું.

(10) પરીક્ષાનો સમય મર્યાદિત હોવાને કારણે એકાદા પ્રશ્નનો જવાબ તમને આવડતો ન હોય તો તેના પછીના પ્રશ્નો ઉકેલવા. છેલ્લે બાકી રહેલાં સમયમાં છોડી દીધેલા પ્રશ્નો માટે ફરી પ્રયત્ન કરવો.

(11) એકાદ પ્રશ્નમાં ત્રુટિ/ભૂલ હોય તો તે બાબત પર્યવેક્ષક કે કેંદ્રસંચાલક પાસે પૂછ પરછ કરવી નહીં.

(12) પ્રશ્નમાંની ત્રુટિ/ભૂલ/આક્ષેપ બાબતનું આપનું લેખીત નિવેદન શાળાએ અથવા પાલકોએ ગટશિક્ષણાધિકારી કે શિક્ષણઅધિકારી પાસે ન મોકલતાં છેક પરીક્ષા પરિષદમાં મા. આયુક્ત, ના સરનામે પ્રત્યક્ષ/ટપાલથી/ઈ–મેલથી મોકલવું.

(13) ત્રુટિ/ભૂલ/આક્ષેપ બાબતનું લેખી નિવેદન મોકલવાની મુદ્દત પરીક્ષા પરિષદના સંકેત સ્થળ પર તાત્પુરતી અંતિમ ઉત્તરસૂચિ પ્રસિદ્ધ થયા પછી 10 (દસ) દિવસ સુધીની રહેશે. મુદ્દતની અંતિમ તારીખ સુધી પરીક્ષા પરિષદને પ્રાપ્ત થયેલ લેખીત નિવેદનોની જ દખલ લેવામાં આવશે.

(14) મુદ્રણદોષ અથવા અન્ય કારણોસર પ્રશ્નમાં ભૂલ છે એમ જણાશે તો તજજ્ઞ સમિતીના અભિપ્રાય પ્રમાણે તે પ્રશ્ન રદ્દ કરવામાં આવશે.

## વિભાગ I

## પ્રથમ ભાષા

**પ્ર. 1 થી 3 માટે સૂચના :**

**નીચેનો 'સંવાદ' વાંચીને પ્રશ્નોના જવાબ માટે યોગ્ય પર્યાય શોધો.**

'અરૂણ, કિરણ તમે શું કરો છો ?'

'મામા, અમે કબાટ ગોઠવીએ છીએ.'

'સરસ. હમણાં આપણે સવિતામાસીને ત્યાં જવાનું છે.'

'કેમ ?'

'પ્રકાશનો જન્મદિવસ છે ને એટલે.'

(બધા સવિતામાસીને ત્યાં જાય છે.)

'માસી, ઢોકળાં તો બહુ સરસ બનાવ્યા છે !'

'હા ભાઈ, સૂર્યકૂકરમાં બનાવ્યા છે એટલે વધુ સ્વાદિષ્ટ છે.'

'આજે આપ સૌ મારાં જન્મદિવસની ઉજવણીમાં સૃહભાગી થયા તે બદલ ખૂબ ખૂબ આભાર.'

1. સંવાદમાં કુલ કેટલા જણ સહભાગી થયા છે ?

(1) ચાર (2) પાંચ

(3) છ (4) ત્રણ

2. ઢોકળા શેમાં બનાવેલાં હતાં ?

(1) સૂર્યકૂકરમાં (2) પ્રેશરકૂકરમાં

(3) કબાટમાં (4) કૂકરમાં

3. આભાર કોણે માન્યો ?

(1) પ્રકાશે (2) મામાએ

(3) માસીએ (4) અરૂણે

4. આપેલા પર્યાયોમાંથી યોગ્ય પર્યાય શોધી વાકય પૂર્ણ કરો.

''મીઠી–મધુરી ફૂલોની સુવાસથી.........''

(1) વાતાવરણ ગુંજી રહ્યું છે (2) વાતાવરણ ખીલી રહ્યું છે

(3) વાતાવરણ મધમધી રહ્યું છે (4) વાતાવરણ શોભી રહ્યું છે

5. 'સૂરજ' નો સમાનાર્થી શબ્દ ન હોય તેવો શબ્દ નીચેના પર્યાયમાંથી શોધો.

(1) ભાસ્કર (2) રવિ

(3) સૂર્ય (4) શશિ

6. નીચેના પર્યાયોમાંથી વિરોધી શબ્દોની યોગ્ય જોડી શોધો.

(1) પહેલો × બીજો (2) હાજર × પ્રત્યક્ષ

(3) સક્રિય × નિષ્ક્રિય (4) નિયમ × નિયમિત

**7.** આપેલા શબ્દ સાથે અચૂક જોડશબ્દ તૈયાર થતો ન હોય તેવો પર્યાય શોધો.

મેઘ.....

(1) વર્ષા (2) ધનુષ્ય

(3) રાજા (4) ગર્જના

**8.** આપેલા શબ્દસમૂહ માટે યોગ્ય શબ્દ પર્યાયમાંથી શોધો.

'જેમાંથી વસ્તુ ખૂટે નહિ તેવું પાત્ર.'

(1) દાનપાત્ર (2) કરપાત્ર

(3) ક્ષયપાત્ર (4) અક્ષયપાત્ર

**9.** નીચેના પર્યાયોમાંથી સમૂહદર્શક શબ્દોની અયોગ્ય જોડી શોધો.

(1) લાકડાનો ભારો (2) કેળાંની લૂમ

(3) મેથીનો ઝૂમખો (4) ગાયોનું ધણ

10. આપેલા અક્ષરોને યોગ્ય રીતે ગોઠવી અર્થપૂર્ણ શબ્દ તૈયાર કરતાં મધ્યમાં કયો અક્ષર આવશે તે પર્યાયમાંથી શોધો.

'ગ્ય, વિ, તા, ભા, ધા'

(1) ધા (2) ગ્ય

(3) ભા (4) વિ

11. આપેલા શબ્દોને શબ્દકોશમાંના વર્ણાનુક્રમે ગોઠવતાં બીજા ક્રમે આવતા શબ્દને પર્યાયમાંથી શોધો.

'અખંડ, અંજલિ, અલંકાર, અંશ'

(1) અખંડ (2) અલંકાર

(3) અંજલિ (4) અંશ

12. ભારત દેશનું સર્વોચ્ચ નાગરિક સન્માન નીચેના પર્યાયમાંથી શોધો.

(1) પદ્મભૂષણ (2) પદ્મશ્રી

(3) ભારતરત્ન (4) પરમવીરચક્ર

**પ્ર. 13 થી 15 માટે સૂચના :**

**આપેલો ગદ્યખંડ ધ્યાનપૂર્વક વાંચીને તેની નીચેના પ્રશ્નોના જવાબ આપેલા પર્યાયોમાંથી શોધો :**

શબરીની રામ માટેની પ્રતીક્ષામાં આપણને તપશ્ચર્યાનું દર્શન થાય છે. આયુષ્ય ખૂટી પડે તો ભલે, પણ, શ્રદ્ધા અને ધીરજ કદીય ખૂટવા ન જોઈએ. શબરીની આ ભક્તિ, તપશ્ચર્યા, તાલાવેલીને ભગવાન રામ પારખી જાય છે, તેથી તેઓ સીતા અને લક્ષ્મણને કહે છે, ''શબરી મારી અપલક નેત્રે નજર ઢાળીને રાહ જોતી હશે.'' ભક્તના દિલની દિલાવરીને ભગવાન રામ પ્રતિસાદ આપે છે અને શબરીનાં એંઠા, મીઠાં, મુધરાં બોર ખાય છે.

કોઈપણ વસ્તુ મેળવવા કે અનુકૂળ સંજોગો માટે રાહ જોવી, એ પણ તપસ્યા છે. કોઈપણ વસ્તુ કે અનુકૂળ સંજોગો નસીબથી વધારે કે સમયથી પહેલાં ક્યારેય કોઈને મળતાં નથી. પરંતુ એકનિષ્ઠા, શ્રદ્ધાથી કરેલી તપશ્ચર્યાનું ફળ મીઠું રહે છે. તેથી જ શબરીને ભગવાન રામનાં દર્શન થયાં.

13. શબરીને કોની પ્રતિક્ષા હતી ?

(1) લક્ષ્મણ (2) સીતા

(3) હનુમાન (4) રામ

14. શબરીના દિલની દિલાવરીને ભગવાન રામ કેવી રીતે પ્રતિસાદ આપે છે ?

(1) એંઠા, મીઠાં, મધુરાં બોર ખાઈને

(2) પોતાનાં દર્શન આપીને

(3) ભક્તિને પારખીને

(4) રાહ જોવડાવીને

15. 'આંખનું મટકું માર્યા વગર' માટેનો અલંકારિક શબ્દ પર્યાયમાંથી શોધો.

(1) સજળ નેત્રે (2) અપલક નેત્રે

(3) ભાવભર્યા નેત્રે (4) કાજળ ઘેરાં નેત્રે

**પ્ર. 16 થી 18 માટે સૂચના :**

**આપેલ કાવ્ય વાંચીને તેની નીચેના પ્રશ્નોના જવાબ આપેલા પર્યાયોમાંથી પસંદ કરો :**

આજે નાનાં બાળ અમે પણ કો' દિન કામ મોટાં કરીશું,

બંધુભાવની સુગંધ બની, સહુ હૃદયે પ્રેમે મહેકીશું !

સદ્‌ગુણોની કેળવણીમાં કદી ન પાછાં હઠીશું,

ચરિત્ર–ઘડતર કરતાં કરતાં, સઘળું જીવન અર્પીશું !

સહુની સંગે વિવેકે વર્તી, સત્ય પણ મધુરું બોલીશું,

દેશ–વિદેશની શાંતિ કાજે, ખૂણે ખૂણે અમે વિચરીશું !

કાળા હો કે ગોરા હો સહુને સ્નેહ કરી ભાઈ, ભેટીશું,

પ્રભુતણાં મોંઘેરાં સર્જન અમે, સહુમાં એકતા ભરીશું !

હસતાં–હસતાં, રમતાં, પડતાં, જીવતર સૌરભી જીવીશું !

વિશ્વબાગનાં પુષ્પો પ્યારાં, ફોરમ ફુવારે છલકીશું !

16. સહુની સાથે કેવી રીતે વર્તવાનું છે ?

(1) વિવેકથી (2) મધુરતાથી

(3) એકતાથી (4) શાંતિથી

17. ‘દુર્ગુણો’ માટેનો વિરોધી શબ્દ કાવ્યમાંથી શોધો.

(1) સુગંધ (2) સૌરભ

(3) સદ્‌ગુણો (4) ખરાબ ગુણો

18. ‘જીવનમાં કોઈપણ પ્રકારની મુશ્કેલી આવશે તો પણ અમે તેનો હસી–ખુશીથી સામનો કરીને જીવન મહેકાવશું’ નો અર્થ દર્શાવતી પંક્તિનો પર્યાય શોધો.

(1) સહુને સંગે વિવેક વર્તી, સત્ય પણ મધુરું બોલીશું,

(2) બંધુભાવની સુગંધ બની, સહુ હૃદયે પ્રેમ મહેકીશું !

(3) સદ્‌ગુણોની કેળવણીમાં કદી ન પાછાં હઠીશું,

(4) હસતાં–હસતાં, રમતાં, પડતાં, જીવતર સૌરભી જીવીશું !

**19.** તમે પાંચ **જૂથ** બનાવીને મેદાનની સ્વચ્છતા કરો. અધોરેખિત શબ્દ પરથી નામનો પ્રકાર ઓળખો.

(1) વ્યક્તિવાચક નામ (2) જાતિવાચક નામ

(3) સમૂહવાચક નામ (4) ભાવવાચક નામ

**20.** લિંગ અનુસાર અયોગ્ય જોડી ઓળખો.

(1) છોકરો–છોકરી (2) ભાઈ–બહેન

(3) પતિ–પત્નિ (4) માણસ–માણસો

**21.** **'ઓરડો'** આપેલા શબ્દનું બહુવચન રૂપ ઓળખો.

(1) ઓરડી (2) ઓરડાં

(3) ઓરડું (4) ઓરડે

22. આપેલા વાકયનો કાળ ઓળખો.

'તેઓ મારા માટે ઘડિયાળ લાવ્યા હતાં.'

(1) ભૂતકાળ (2) ભવિષ્યકાળ

(3) વર્તમાનકાળ (4) સાદોકાળ

23. આપેલા વાકયને અંતે યોગ્ય વિરામચિહન મૂકો.

''આ મેથી કયાંથી આવી''

(1) . (2) ?

(3) ! (4) ,

24. રૂઢિપ્રયોગ અને તેનો સાચો અર્થ દર્શાવતી જોડી ઓળખો.

(1) પ્રશંસા કરવી–હાંસી ઉડાવવી

(2) પરવારી જવું–કામકાજમાં રત રહેવું

(3) માવજત કરવી–સારસંભાળ લેવી

(4) પીઠ થાબડવી–ઠપકો આપવો

25. નીચેના છૂટાછવાયાં અક્ષરો ગોઠવીને તૈયાર થતી કહેવતનો છેલ્લો શબ્દ પર્યાયોમાંથી ઓળખો.

ણ, ડી, ટ, પ, તૂ, ચ, છૂ, ડી, ટે, મ, દ, ન, મ

(1) તૂટે (2) છૂટે

(3) પણ (4) ન

# વિભાગ II

## ગણિત

**26.** 855 મી. લાંબો અને 205 મી. પહોળો ભૂખંડ (જમીનનો ટુકડો) 400 ₹ પ્રતિ ચોરસમીટરના દરે વેંચ્યો તો ભૂખંડની વેચાણકિંમત કેટલી થઈ હશે ?

(1) 17,62,750 ₹ (2) 7,01,10,000 ₹

(3) 7,05,110 ₹ (4) 7,05,10,000 ₹

**27.** ધનેશ પાસે 50 ₹, 20 ₹, 10 ₹ અને 5 ₹ ની ચલણી નોટો સમાન સંખ્યામાં છે. તેની કુલ રકકમ 1,020 ₹ થાય છે તો ધનેશ પાસે 50 ₹ ની કેટલી નોટો છે ?

(1) 50 (2) 12

(3) 68 (4) 34

**કાચું કામ માટે જગ્યા**

28. નીચેના પૈકી **અસત્ય** વિધાન ઓળખો.

(1) લંબચોરસના બધા ખૂણા સમાન માપના હોય છે.

(2) લંબચોરસની બધી બાજુઓ સમાન માપની હોય છે.

(3) ચોરસની પાસપાસેની બાજુઓ પરસ્પર લંબ હોય છે.

(4) ચોરસના બધા ખૂણા કાટકોણ હોય છે.

29. સ્વરાએ દ.વ.દ.સેં. 7 ના દરે 20,000 ₹, થાપણ તરીકે 5 વર્ષ માટે મૂકયાં તો તેને મુદ્દતને અંતે કેટલા રૂપિયા વ્યાજ મળશે ?

(1) 5,000 ₹ (2) 700 ₹

(3) 7,000 ₹ (4) 500 ₹

---

**કાચું કામ માટે જગ્યા**

**30.** નાગપૂરથી વર્ધા અને વર્ધાથી નાગપૂર એમ એક ફેરાં પ્રમાણે એક બસ આખા દિવસમાં 4 ફેરા પૂર્ણ કરે છે. દરેક વખતે બસમાં 42 પ્રવાસીઓ હતા અને બસનું એક વખતનું ભાડું દરેકના 85 ₹ હોય તો તે દિવસની કુલ આવક કેટલી ?

(1) 1,360 ₹ (2) 27,200 ₹

(3) 28,560 ₹ (4) 28,660 ₹

**31.** 'પંદર કરોડ પંદરસો પંદર' આ સંખ્યા અંકમાં લખો :

(1) 1,50,01,515 (2) 15,00,00,515

(3) 15,01,50,015 (4) 15,00,01,515

**32.** 42 દશકમાંથી 10 એકમ બાદ કર્યા પછી તેમાં કેટલા દશક ઉમેરતાં જવાબ 5 શતક આવશે ?

(1) 90 (2) 9

(3) 180 (4) 18

---

**કાચું કામ માટે જગ્યા**

**33.** 5 કલાક 35 મિનીટ = કેટલી મિનીટ ?

(1) 535 (2) 95

(3) 300 (4) 335

**34.** નીચેના પૈકી **અસત્ય** વિધાન કયું ?

(1) વર્તુળનો વ્યાસ, તેની ત્રિજયા કરતાં બમણો હોય છે.

(2) વર્તુળનો વ્યાસ, એ વર્તુળની સૌથી મોટી જીવા છે.

(3) વર્તુળની ત્રિજયા, વ્યાસ કરતા અડધી હોય છે.

(4) એક વર્તુળમાં એક અને ફક્ત એક જ વ્યાસ દોરી શકાય છે.

**35.** 85164 આ સંખ્યામાં કઈ સંખ્યા ઉમેરવાથી નાનામાં નાની છ અંકી સંખ્યા તૈયાર થશે ?

(1) 14835 (2) 14836

(3) 14736 (4) 14735

---


**કાચું કામ માટે જગ્યા**


**36.** $7.7 + 0.7 + 00.70 + 0.07 + 0.77 + 0.00007 = ?$


(1) 9.94007 (2) 99.4007


(3) 9.24707 (4) 9.2407

**37.** નીચેના પૈકી ભૂલ ભરેલો (ખોટો) પર્યાય કયો ?

(1)  $= \frac{1}{4}$

(2)  $= \frac{1}{4}$

(3)  $= \frac{1}{4}$

(4)  $= \frac{1}{4}$

**38.** પ્રદીપ પાસે 100 રૂા. ની ચલણી નોટોની સંખ્યાથી પા ગણી નોટો 500 રૂા. ની, અડધી નોટો 50 રૂા. ની અને બમણી નોટો 1 રૂપિયાની છે. તેથી કુલ રકમ રૂા. 10,080 થાય છે તો પ્રદીપ પાસે 100 રૂા. ની કેટલી નોટો હશે ?

(1) 20 (2) 30

(3) 40 (4) 50

---

**કાચું કામ માટે જગ્યા**

**39.** 1 થી 100 દરમ્યાન આવતી સૌથી મોટી મૂળ સંખ્યા અને સૌથી નાની વિષમ મૂળ સંખ્યાનો ગુણાકાર કેટલો થશે ?

(1) 194　　(2) 291

(3) 198　　(4) 293

**40.** $\frac{4}{7}, \frac{7}{4}, \frac{2}{28}, \frac{5}{14}$ પૈકી સૌથી નાનો અપૂર્ણાંક કયો ?

(1) $\frac{4}{7}$　　(2) $\frac{7}{4}$

(3) $\frac{2}{28}$　　(4) $\frac{5}{14}$

**41.** $\frac{29}{8}$ આ અપૂર્ણાંક નીચેના પૈકી કયા અપૂર્ણાંકનો સમમૂલ્ય અપૂર્ણાંક **નથી.**

(1) $3\frac{5}{8}$　　(2) $\frac{58}{16}$

(3) $3\frac{6}{8}$　　(4) $\frac{290}{80}$

---


**કાચું કામ માટે જગ્યા**

42. ગૌરીએ ચૌદ હજાર પાંચસો રૂપિયામાં ખરીદેલા ટી.વી. ને દુરુસ્ત (રીપેર) કરવા બીજા સાડા ત્રણસો રૂપિયાનો ખર્ચ કર્યો, પછી તે ટી.વી. સોળ હજાર રૂપિયામાં વેંચી નાખ્યો તો આ વ્યવહારમાં તેમને નફો થયો કે ખોટ ? કેટલા રૂપિયા ?

(1) 1,050 રૂા. નફો (2) 1,050 રૂા. ખોટ

(3) 1,150 રૂા. નફો (4) 1,150 રૂા. ખોટ

43.




ઉપરની આકૃતિમાં આપેલા વર્તુળમાં પરિઘ પરના બિંદુઓ પરસ્પર જોડવાથી વધુમાં વધુ કેટલી જીવાઓ તૈયાર થશે ?

(1) 6 (2) 8

(3) 10 (4) 12

---

**કાચું કામ માટે જગ્યા**

**44.** 1 ગ્રોસ કાગળમાંથી 5 દસ્તા કાગળ છપાઈ માટે વાપર્યા તો કેટલા કાગળ સિલ્લક રહ્યા ?

(1) 60 (2) 20

(3) 12 (4) 24

**45.** સાયલીએ એક મેરેથોનમાં સમાનગતિએ 4 કિમી. નું અંતર 10 મિનીટમાં પૂરૂં કર્યુ તો એક મિનીટમાં તેણે કેટલું અંતર કાપ્યું હશે ?

(1) $\frac{4}{10}$ મીટર (2) 800 મીટર

(3) 400 મીટર (4) 40 મીટર

**46.** લંબઘનના પૃષ્ઠોની અને ધાર (કિનારી) ની સંખ્યાનો સરવાળો, ઘનની ધાર અને શિરોબિંદુની સંખ્યાના સરવાળા કરતાં કેટલાથી વધુ કે ઓછો છે ?

(1) 2 થી ઓછો (2) 2 થી વધુ

(3) 6 થી ઓછો (4) 6 થી વધુ

---

**કાચું કામ માટે જગ્યા**

**47.** 6 * 54 * આ સંખ્યાને 9 વડે નિ:શેષ ભાગ જાય છે તો * ની જગ્યાએ કયો અંક આવશે ?

(1) 6 (2) 7

(3) 8 (4) 9

**48.** શબનમે પોતાની પાસે જેટલી ચોકલેટ હતી તેના 15% ચોકલેટ જોસેફને આપી. જો તેણે જોસેફને 30 ચોકલેટ આપી હોય તો શબનમ પાસે કેટલી ચોકલેટ હતી ?

(1) 90 (2) 150

(3) 60 (4) 200

**49.** રાહુલે 15,000 રૂા. 3 વર્ષ માટે અમુક દરથી સંતોષને વાપરવા આપ્યા. સંતોષે તેને મુદતને અંતે રૂા. 4,500 વ્યાજ આપ્યું તો વ્યાજનો દર દ.સા.દ.સેં. કેટલો થયો ?

(1) 10 (2) 15

(3) 9 (4) 8

---

**કાચું કામ માટે જગ્યા**

50. 24 ના બધા વિભાજકોનો સરવાળો કેટલો ?

(1) 59 (2) 36

(3) 60 (4) 66

51. મોટામાં મોટી પાંચ અંકી સંખ્યા અને મોટામાં મોટી બે અંકી સંખ્યાનો સરવાળો, નાનામાં નાની ત્રણ અંકી સંખ્યા કરતાં, કેટલાથી વધારે છે ?

(1) 1,00,098 (2) 99,998

(3) 99,999 (4) 1,00,198

52. માધવનો જન્મ ગુરુવાર, તારીખ 15 જૂન, 2011 ના દિવસે થયો તો તેના પાંચમા જન્મદિવસે કયો વાર હશે ?

(1) મંગળવાર (2) ગુરુવાર

(3) શનિવાર (4) સોમવાર

---

**કાચું કામ માટે જગ્યા**

53. $\frac{6}{10}$ આ અપૂર્ણાંકમાં $\frac{6}{10}$ કેટલીવાર ઉમેરીએ તો સરવાળો 3 આવશે ?

(1) 5 વાર (2) 3 વાર

(3) 4 વાર (4) 2 વાર

54. 40,56,784 આ સંખ્યામાં 4 ની સ્થાનિક કિંમતોનો સરવાળો, 5 ની સ્થાનિક કિંમત કરતાં કેટલો વધારે છે ?

(1) 40,00,004 (2) 39,50,004

(3) 39,50,000 (4) 40,50,004

55. 6363 ÷ 9 આ ભાગાકારમાં ભાજક 2 થી ઓછો કરીએ તો ભાગફળ કેટલાથી વધશે ?

(1) 1 (2) 10

(3) 100 (4) 202

---

**કાચું કામ માટે જગ્યા**

**56.** 5, 6, 7, 8, 9 આ અંકો ફક્ત એક જ વખત વાપરીને મોટામાં મોટી એવી પાંચ અંકી સંખ્યા તૈયાર કરો જેને 8 વડે નિઃશેષ ભાગ જાય.

(1) 79856 (2) 97658

(3) 97586 (4) 97856

**57.** 24 કલાકના ઘડિયાળ અનુસાર ક્રિકેટની મેચ 10 વાગે શરૂ થઈ અને 16 : 45 વાગે પૂરી થઈ તો મેચ પૂરી થઈ ત્યારે 12 કલાકના ઘડિયાળમાં કેટલા વાગ્યા હશે ?

(1) 5 : 45 (2) 4 : 45

(3) 15 : 45 (4) 2 : 45

**58.** 50 ના 50 ટકા કેટલા થાય ?

(1) 50 (2) 100

(3) 25 (4) 75

---

**કાચું કામ માટે જગ્યા**

**સૂચના :— પ્ર. 59 અને 60 માટે સૂચના :**

**નીચે આપેલી ચિત્રરૂપ માહિતીના આધારે પ્રશ્નના જવાબ લખો :**

| **શાળામાં આવવું** | **વિદ્યાર્થી સંખ્યા** |
|---|---|
| પગે ચાલીને | △△△ |
| સાઈકલ પર | △△△△ |
| રિક્ષામાં | △△△△△△ |
| પાલક સાથે | △△ |

પ્રમાણ 1 ચિત્ર = 50 વિદ્યાર્થી

**59.** ઉપરના તકતામાં કુલ કેટલા વિદ્યાર્થીઓની માહિતી આપી છે ?

(1) 75 (2) 50

(3) 500 (4) 750

**60.** રિક્ષામાં આવતાં વિદ્યાર્થીઓ, સાઈકલ પર આવતાં વિદ્યાર્થીઓ કરતાં કેટલાથી વધારે છે ?

(1) 300 (2) 200

(3) 100 (4) 50

**કાચું કામ માટે જગ્યા**

**61.** રોમન સંખ્યા ચિહનાનુસાર $M - D \div L = ?$

(1) 10 (2) 90

(3) 8 (4) 990

**62.** 'સાડા પાંસઠ હજાર' માં ખરીદેલી ગાડી 'ચોપન હજાર' માં વેંચી તો કેટલા રૂપિયા ખોટ ગઈ ?

(1) ₹ 10,500 (2) ₹ 11,500

(3) ₹ 1,500 (4) ₹ 11,000

**63.** 970 રૂપિયામાં 50 ₹ ની વધુમાં વધુ કેટલી ચલણી નોટો હોઈ શકે ?


(1) 17 (2) 18


(3) 19 (4) 20


---


**કાચું કામ માટે જગ્યા**

**64.** નીચેના પૈકી કઈ આકૃતિ 'પેન્ટોમીનો' (પાંચ ચોરસની ગુંથણી) **નથી** ?

(1) 

(2) 

(3) 

(4) 

**65.** 8 ઓકટોબર 2016 ના રોજ બીજો શનિવાર આવવાથી શાસકીય રજા હતી. તો તે જ મહિનામાં ચોથા શનિવારની રજાના દિવસે કઈ તારીખ આવશે ?

(1) 22 ઓકટોબર (2) 24 ઓકટોબર

(3) 23 ઓકટોબર (4) 20 ઓકટોબર

**કાચું કામ માટે જગ્યા**

**66.** 13 સેંમી. લંબાઈ અને 5 સેંમી. પહોળાઈના બે લંબચોરસને તેમની પહોળાઈ પાસેથી જોડયા તો તૈયાર થતી આકૃતિની પરિમિતી કેટલી થશે ?

(1) 67 સેંમી. (2) 130 સેંમી.

(3) 72 સેંમી. (4) 62 સેંમી.

**67.** ઉકેલો :

$$\left(\frac{15}{7} + \frac{6}{7} - \frac{2}{7}\right) - \frac{4}{7} = ?$$

(1) $\frac{19}{7}$ (2) $\frac{19}{21}$

(3) $\frac{15}{7}$ (4) $\frac{23}{7}$

**68.** $b \times \frac{1}{8} = 8$, તો $b$ = કેટલા ?

(1) 1 (2) 16

(3) 64 (4) 72

**કાચું કામ માટે જગ્યા**

**69.** રાવસાહેબના બાગમાં વિવિધ પ્રકારના કુલ 2100 વૃક્ષો છે. તેમાંથી 25% વૃક્ષો આંબાના, 20% વૃક્ષો નાળિયેરીના, 40% વૃક્ષો ફણસના અને બાકીના વૃક્ષો સોપારીના છે તો સોપારીના કેટલા વૃક્ષો હશે ?

(1) 105 (2) 525

(3) 315 (4) 415

**70.** 42,000 મિલીમીટર લાંબો તાર 6 ઠેકાણે કાપીને સમાન લંબાઈના ટૂકડા કર્યા તો દરેક ટુકડાની લંબાઈ કેટલી થશે ?

(1) 7 મીટર (2) 6 મીટર

(3) 600 મિલીમીટર (4) 700 મિલીમીટર

**71.** નીચેના પૈકી સૌથી મોટી સંખ્યા કઈ ?

0.06, 0.6, 6.0, 0.006

(1) 0.06 (2) 0.6

(3) 6.0 (4) 0.006

**કાચું કામ માટે જગ્યા**

**72.**

$$\begin{array}{r} \square\ \square\ \square \\ -\ \bigcirc\ \bigcirc\ \bigcirc \\ \hline \triangle\ \triangle\ \triangle \end{array}$$

આ ઉદાહરણમાં □, ○, △ ની જગ્યાએ અનુક્રમે કયા અંક આવશે ?

(1) 7, 3, 5 (2) 9, 4, 5

(3) 9, 7, 3 (4) 2, 1, 0

**73.** 4,97,998, 4,98,989, 4,97,889, 4,97,999 આ સંખ્યાઓને ઉતરતા ક્રમમાં ગોઠવ્યા પછી આવતી પ્રથમ અને ત્રીજી સંખ્યાનો સરવાળો કેટલો ?

(1) 996987 (2) 996988

(3) 996878 (4) 996888

**74.** રોહિતે સાડા ત્રણ રૂપિયાની એક લેખે 3 ડઝન પેન્સીલો ખરીદીને બધી પેન્સીલો 150 ₹ માં વેંચી નાખી તો તેને નફો થયો કે ખોટ ? કેટલા રૂપિયા ?

(1) 120 ₹ નફો (2) 24 ₹ નફો

(3) 24 ₹ ખોટ (4) 42 ₹ ખોટ

**75.** સુશાંતે 35 ₹ 5 પૈસા આ રકમ 35.5 એમ લખી તો આ બંને રકકમ વચ્ચે કેટલો તફાવત પડયો ?

(1) 45 પૈસા (2) 55 પૈસા

(3) 50 પૈસા (4) કોઈ તફાવત નથી

---

**કાચું કામ માટે જગ્યા**

કાચું કામ માટે જગ્યા

કાચું કામ માટે જગ્યા